# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2555 ❖ ભાદ્રપદ પૂર્ણિમા ❖ 12 સપ્ટેમ્બર 2011 ❖ વર્ષ – 12 ❖ અંક – 06 ❖ સળંગ અંક - 138


## ધમ્મવાણી

न चाहं ब्राह्मणं ब्रूमि, योनिजं मत्तिसम्भवं ।
अकिञ्चनं अनादानं, तमहं ब्रूमि ब्राह्मणं ।।
सुत्तनिपातपाळि (६२५) ९,२७, वासेट्ठसुत्तं

કોઇ માતાની યોનિથી ઉત્પન્ન થવાના કારણે હું કોઇને બ્રાહ્મણ નથી કહેતો. હું બ્રાહ્મણ તેને કહું છું, જે અપરિગ્રહી છે, અનાસક્ત છે.

## આપણી ઉદાત સંસ્કૃતિ

કોઇએ મને 'વિશ્વ હિંદુ પરિષદ'ના અધ્યક્ષ શ્રી અશોક સિંહલજી લેખિત 'શ્રીમદ્ ભગવદ્ ગીતા હી આદી મનુસ્મૃતિ' ની એક નકલ મોકલી. વાંચીને મન આહ્‌લાદિત થઇ ઊઠ્યું. આજકાલની પ્રચલિત મનુસ્મૃતિ તેમના દ્વારા અસ્વીકૃત કરાઇ. તે જ એક મહત્ત્વપૂર્ણ વાત હતી.

ખરેખર આ 'મનુસ્મૃતિ' જ એક એવું પુસ્તક છે, જેના કારણે ભારતના બે મોટા સમુદાયોમાં આટલો મોટો કટુતાપૂર્ણ વિગ્રહ ઊભો થઇ ગયો, જે કારણે દેશને બહુ મોટી હાનિ થઇ. તે કારણે જ ભારતરત્ન બાબા સાહેબ આંબેડકરને આ પુસ્તકને સાર્વજનિક રૂપમાં બાળવાનો નિર્ણય લેવો પડ્યો.

શ્રી સિંહલજી દ્વારા વર્તમાન મનુસ્મૃતિને નકારી દેવું જ મારા માટે ઉલ્લાસનું કારણ બન્યું. તેમનું ઉપરોક્ત પુસ્તક વાંચીને મારા નિકટના સંપર્કમાં આવનારા 'વિશ્વ હિન્દુ પરિષદ' ના સહસચિવ વિપશ્યી સાધક શ્રી બાલકૃષ્ણ નાયકને મેં જે પત્ર લખ્યો, તેનો મુખ્ય અંશ આ પ્રકારે છેઃ–

લોક–પ્રચલિત 'મનુસ્મૃતિ' એ આપણા સમાજમાં ઊંચનીચનું જે અમાનુષિક, અનૈતિક અને અધાર્મિક વિભાજનનું ગર્હિત વિધાન પ્રસ્તુત કર્યું, તેને મનોમન ખોટું સમજવા છતાં પણ આપણા કોઇ પણ નેતા તેનો વિરોધ ન કરી શક્યા. ઓછામાં ઓછું મારા જોવામાં તો નથી આવ્યું. બલ્કે, આપણે ત્યાંના એક શીર્ષસ્થ નેતાએ તો આને લોકોની ભાવનાનું પ્રતીક ગણાવ્યું અને એ રીતે તેને ન્યાયપૂર્ણ અને માન્ય સિદ્ધ કરવાનું નક્કી કર્યું, જે મને અત્યંત અનુચિત જ નહિ, દુઃખદ પ્રતીત થયું. શ્રી અશોક સિંહલજીએ આ દેશમાં ખરું કદમ ઉઠાવ્યું છે અને વર્તમાન મનુસ્મૃતિને ખોટી સાબિત કરીને, સમાજકલ્યાણનું અત્યંત પ્રશંસનીય કામ કર્યું છે.

કોઇ વિશિષ્ટ જાતિની માતાની કૂખે જન્મ લેવા માત્રથી કોઇને ઉચ્ચ અને મહાન માનીને પૂજીએ, ભલે તે તમોગુણી હોય અને નિકૃષ્ટ કર્મનો પણ હોય ને અન્ય કોઇ જાતિની માની કૂખે જન્મ લેવા માત્રથી કોઇને નીચ અને અસ્પૃશ્ય માનીએ, ભલે તે સત્ત્વગુણી હોય અને ઉત્કૃષ્ટ કર્મનો પણ હોય; આ વિચારધારા આપણી ગૌરવપૂર્ણ ઉદાત્ત માનવી સંસ્કૃતિની ધવલ–વિમલ ચાદર પર એવું કલંક, એવી કાલિમા છે જે કોઇપણ રાષ્ટ્રપ્રેમીનું મસ્તક શરમથી નીચું કરે છે. આ કલંક – કાલિમાને દૂર કર્યા વિના આપણે આપણું મસ્તક ઊંચું ન કરી શકીએ.

આ તે કેવી અમાનુષી વિચારધારા કે પોતાના પાળેલાં કૂતરાં, બિલાડી, ગાય, બળદ અને ઘોડા આદિ પશુઓને અથવા પોપટ – મેના વગેરે પક્ષીઓને અડવાથી, પંપાળવાથી, બચકારવાથી, થાબડવાથી આપણે અપવિત્ર નથી થઇ જતાં, પરંતુ નાહી ધોઇને સ્વચ્છ થયેલા અને સદાચારીનું જીવન જીવનારા કોઇ માનવપુત્રને અડવાથી જ નહિ, તેનો પડછાયો પડવાથી જ આપણે અપવિત્ર થઇ જઇએ ! આ પશુ–પક્ષીઓના પ્રવેશથી આપણાં મંદિરો, દેવાલયો અપવિત્ર નથી થઇ જતાં, પરંતુ એક સ્વચ્છ માનવપુત્રના પ્રવેશથી અપવિત્ર થઇ જાય ! આ કેટલી વિડંબનાભરી વિકૃત માનસિકતા છે ! આ હોય ત્યાં સુધી આપણે શી રીતે ગર્વ કરી શકીએ, આપણી ગૌરવમયી ઉદાત્ત સંસ્કૃતિ પર !?

ગોસ્વામી તુલસીદાસે 'રામચરિત માનસ' અને 'કવિતાવલિ' જેવા ગ્રંથોની રચના કરીને જેમ આખા સમાજનું તેમ મારું પણ બહુ મોટું કલ્યાણ કર્યું. આ ગ્રંથોના પાવન પાત્રોનું જે અનુપમ ચિત્રણ કર્યું તે દેશની ગૌરવમય પુરાતન સંસ્કૃતિનો ઉત્કૃષ્ટ આદર્શ છે. આ સાહિત્યે દેશના કરોડો લોકોનાં હૃદય પર જે કાયમી છાપ છોડી, તે મારા માનસપટ પર આજ સુધી અંકિત છે અને સદા અંકિત જ રહેશે. પરંતુ રામકથાની બે વાતોએ મારા માનસને બૂરી રીતે હચમચાવ્યું અને વ્યથિત કરી નાખ્યું !

એમાંની એક તો એ હતી કે નિરપરાધ સીતામાતાને ગર્ભાવસ્થામાં, સાથે કોઇ દાસી મોકલ્યા વિના, આજીવિકાનો કોઇ પ્રબંધ કર્યા વિના હિંસક પશુઓથી ભરેલા વનમાં નિર્દયતાપૂર્વક એકલાં છોડી દીધાં ! મને યાદ છે કે આ વાંચી–સાંભળીને હું ખૂબ જ વ્યથિત થયેલો. મારૂં ભાવુક હૃદય આ અમાનુષિક ઘટનાની કલ્પના માત્રથી કાંપી ઊઠતું. તેને સહન ન કરી શકતું. એ વખતના મારા આદરણીય ગુરુદેવે મને એમ કહીને શાંત કરેલો કે આ વાસ્તવિક ઘટના નથી. ભગવાન રામની પાવન કથામાં આ ઘટના પાછળથી જોડવામાં આવી છે. એને સાંભળીને હું થોડોક આશ્વસ્ત તો થયો પરંતુ છતાં પણ એ ન સમજી શક્યો કે આવી ખોટી વાત દેશના બધા રામભક્તોએ સ્વીકારી શી રીતે લીધી ?

બીજી વાત જેણે મને અત્યંત વિચલિત કરેલો, તે હતી તુલસીદાસજીની આ ચોપાઇઃ

पूजेहि विप्र शीलगुणहीना । तदपि न शूद्र गुणगान प्रवीणा ।

મારી પ્રારંભિક પાઠશાળાના ગુરુદેવ ભણાવવાનું શરૂ કરતાં પહેલાં અમને દરરોજ સમૂહ પ્રાર્થના કરાવતા, જેના શબ્દો હતા – હે પ્રભો આનંદદાતા, જ્ઞાન હમકો દીજીએ.

શીઘ્ર સારે દુર્ગુણોં કો દૂર હમસે કીજીએ
લીજીએ હમકો શરણમેં, હમ સદાચારી બનેં
બ્રહ્મચારી ધર્મરક્ષક, વીર વ્રતધારી બને
એમણે અત્યંત કૃપા પૂર્વક અમને શીખવેલું કે

સદાચાર અને સદ્ગુણમય જીવન જ ધર્માચરણ છે.

પાર્થનાના ઉપરોક્ત પદને હું મારા પોતાના દરરોજના પ્રાતઃકાલીન ભજનોમાં પણ પ્રમુખ સ્થાન આપતો આથી જ્યારે વાંચ્યું કે શીલ, ગુણ વિના પણ કોઇ પૂજ્ય હોઇ શકે છે અને શીલવાન અને ગુણવાન હોવા છતાં પણ અપૂજ્ય, ત્યારે એ દિવસોની બાલસહજ બુદ્ધિને એ કથન બહુ અટપટું લાગ્યુ. પરંતુ આ શંકાનું પણ સમાધાન કરતાં મારા ગુરુદેવે સમજાવ્યું કે આ તુલસીદાસજીની પોતાની વાણી નથી. કોઇ અન્ય વ્યક્તિએ આને રામચરિતમાનસમાં જોડી દીધી છે, તેને મહત્ત્વ ન આપવું. મારા ગુરુદેવ સ્વયં વિપ્ર હતા. શીલ, સદાચાર અને સદ્ગુણસંપન્ન હતા. મારા માટે પરમ પૂજ્ય હતા. આથી તેમના કહેવાથી એ વખતે મારા માટે આ પદનું કોઇ વિશેષ મહત્ત્વ ન રહ્યું.

પરંતુ આગળ જતા યુવાવસ્થામાં હિંદી સાહિત્ય નું ગંભીર અધ્યયન કર્યું અને હિંદીના પ્રસિદ્ધ લેખક શ્રી રામચંદ્ર શુકલનો 'તુલસીદાસ' નામનો આલોચના ગ્રંથ વાચ્યો ત્યારે જાણ્યું કે આ પૂર્વકાળથી ચાલી આવતી માન્યતા છે. તેમણે ચાણક્ય નીતિના આ શ્લોકને ઉદધૃત કરેલો છે.

पतितो पि द्विजः श्रेष्ठ, न च शूद्रो जितेन्द्रियः।

એની સાથે સાથે મહર્ષિ દયાનંદ સરસ્વતીના 'સત્યાર્થ પ્રકાશ' માં પણ જોયું કે આ જ શ્લોક પારાશર સ્મૃતિમાં પણ આપ્યો છે અને જોયું કે મનુસ્મૃતિ તો આવી ધર્મવિરોધી વિચારધારાથી ભરેલી પડી છે. એટલું જ નહિ, આપણાં અનેક પુરાણો અને સ્મૃતિ ગ્રંથોમાં ક્યાંક ને ક્યાંક, કોઇ ને કોઇ પ્રસંગમાં રાષ્ટ્રકવિ પૂજ્ય મૈથિલી શરણજીએ યોગ્ય જ કહ્યું છે –

नर कृत शास्त्रों के सब बंधन है नारी ही को लेकर।
अपने लिए सभी सुविधाएं, पहले से कर बैठे नर।।

ત્યારે મનમાં એ ભાવ ઊઠયો કે આ જ લહેકામાં મારે પણ આમ કહી દવું જોઇએ :

विप्र रचित शास्त्रों के बंधन, है शूद्रों ही को लेकर।
अपने लिए सभी सुविधाएं, पहले से निश्चित ली कर।

કેવળ આ ધર્મગ્રંથોમાં જ નહિ બલ્કે, આપણા સમાજના વ્યાવહારિક જીવનમાં પણ ઊંચ–નીચ અને સ્પૃશ્ય–અસ્પૃશ્યની ઘોર અમાનવીય વિષમતા જોઇ, ત્યારે તો મારા અંતર્મનમાંથી આ વિદ્રોહભરી કવિતા ફૂટી નીકળી :

ब्राह्मण बनिये के घर जन्मे, इससे ही क्या हम हैं महान?
हम उच्च वर्ण, हम सर्वश्रेष्ठ, उँचा समाज में बना स्थान।।

चाहें हो अनपढ़ निपट मूर्ख, फिर भी पंडितजी कहलाएं।
चाहें हो कामी कुटिल किंतु, धर्मावतार का पद पाएं।।

पुरखों से उनके पल्ले, सेवा का ही भार दिया हमने।
वे भीले भूक मनुज उनसे, क्या–क्या ना काम लिया हमने?

वे हैं अछूत अस्पृश्य नीच, उनको समाज में नहीं स्थान।
वे जन्मजात पददलित रहें, उनका कैसा मानापमान?

हम उच्च वर्ण हैं, अत: सुरक्षित हैं हमको सर्वाधिकार।
मंदिर देवालय धर्मस्थान, ईश्वर तक पर एकाधिकार।।

सब कूएं बावडी अपने हैं, सड़कों तक पर चलने ना दें।
यदि वश चल जाये तो उनको, हम पृथ्वी पवन न छूने दें।।

मैं पूछ रहा आखिर यह सब, किस न्याय नीति के बल पर है?
हम बनें धर्म के कर्णधार, पर अनाचार में तत्पर है।।

मैं सोचा करता कभी–कभी, क्या परमेश्वर भी मिथ्या है?
वह मूक, बधिर सा रहे देखता, यहां हो रहा क्या – क्या है?

हम इतना अत्याचार करें, निकले उसकी आवाज़ नहीं।
धरती न फटे, नभ ना टूटे, गिरती हम पर क्यों गाज नहीं?

वह ईश नहीं, जगदीश नहीं, वह सच्चा धर्म पुराण नहीं।
जिसके आदेशों में मानव को, है समता का स्थान नहीं।।

મારા માનસમાં આવા વિદ્રોહભર્યા ભાવ ૩૧ વર્ષની ઉંમરે ભગવાન બુદ્ધની શિક્ષાના સંપર્કમાં આવ્યાના વર્ષો પહેલાં ઉમટ્યા હતા. ભગવાન બુદ્ધની સાધના પછી જ્યારે પહેલીવાર એમની વાણીમાંથી પસાર થયો ત્યારે આ વાંચીને ભાવ–વિભોર થઇ ઊઠ્યો :

न जच्चा वसलो होत्ति, न जच्चा होति ब्राह्मणो।
कम्मुना वसलो होति, कम्मुना होति ब्राह्मणो।।

– નથી કોઇ જન્મથી ચાંડાળ હોતું કે નથી કોઇ જન્મથી બ્રાહ્મણ હોતું. કર્મથી જ ચાંડાળ હોય છે. અને કર્મથી જ બ્રાહ્મણ.

આ વાંચતા જ ભારતની વાસ્તવિક પુરાતન ગૌરવમયી ઉદાત્ત સંસ્કૃતિના દર્શન થાયાં.

આપણા ધર્મગ્રંથમાં કેટલી ઉદાત્ત ભાવનાઓ ભરેલી છે! પરંતુ તેમાં ક્યાંક–ક્યાંક એવી ગંદકી પણ વેરાએલી છે જે એની મહાનતા પર ધૂળ વાળી દે છે. કેટલાક પુસ્તકો તો પૂરેપૂરાં અધાર્મિક વક્તવ્યોથી જ ભરેલાં છે. સ્વર્ગીય શ્રી શેષાદ્રીજી સાથે ઘણી વાર સુધી આ વિષયમાં વાતો થતી રહેતી. તેમણે સ્વીકાર્યુ કે કલ્કિપુરાણના પ્રકાશન અને વિતરણ પર પ્રતિબંધ મૂકવો જોઇએ. તેમણે એ પણ આશ્વાસન આપ્યું હતું કે આપણા ધર્મગ્રંથોમાં જ્યાં–જ્યાં ભગવાન બુદ્ધ અથવા એમની શિક્ષાના બારામાં મિથ્યા લાંછન લગાવેલાં છે, તેને ક્ષેપક ગણીને કાઢી નાખવા જોઇએ.

એ જ રીતે રાષ્ટ્રહિત માટે ઉચિત એ જ છે કે આધુનિક કાળમાં પ્રચલિત મનુસ્મૃતિના પ્રકાશન અને વિતરણ પર પ્રતિબંધ મૂકવામાં આવે અને આપણા ધર્મગ્રંથોમાં જ્યાં–જ્યાં નાત–જાતને, ઉંચ–નીચને, છૂત–અછૂતને પ્રોત્સાહન દેવાનું વર્ણન છે અથવા જે પણ અન્ય અશોભનીય ધર્મવિરોધી વર્ણનો છે, તેમને ક્ષેપક ગણીને કાઢી નાખવામાં આવે. કાઢી ન શકીએ તો આમજનતા સુધી આ સંદેશ તો પહોંચે કે આપણા ધર્મગ્રંથોમાં આ અનુચિત વાતો આવી છે તે બધી ક્ષેપક છે, આપણને માન્ય નથી. શ્રી સિંહલજીએ બિલકુલ યોગ્ય જ લખ્યું છે કે પુષ્યમિત્ર શુંગના શાસનકાળમાં તથા તત્પશ્ચાત્ ધર્મના નામે આવાં સાહિત્યોની રચના થઇ જે આપણી ગૌરવમયી સંસ્કૃતિ માટે શોભનીય નથી.

શ્રી સિંહલજીનું પુસ્તક વાંચીને મારા મનમાં જે આનંદ ઉમટયો, તેનું કારણ એ જ હતું કે આપણા દેશના એક પ્રતિષ્ઠિત નેતા દ્વારા કોઇ ખોટી માન્યતાને સુધારવાની એક ખરા પ્રકારની પહેલ તો થઇ. હું એ પણ ખૂબ સમજું છુ કે કેટલાક કટ્ટરપંથી લોકો તેમનો વિરોધ પણ કરશે. એવા વિરોધનો સામનો શ્રી સિંહલજી જેવા સબળ નેતા જ કરી શકે છે. સમાજ અને રાષ્ટ્રને જોડેલા રાખવા માટે, તેને બળવાન બનાવવા માટે આ પ્રકારનાં બીજાં અનેક લોકો હિતકારી કદમ ઉઠાવવાં આવશ્યક છે. આ દિશામાં આ જે પહેલું મહત્ત્વપૂર્ણ કદમ ઊઠ્યું છે તે અત્યંત સરાહનીય છે. આ કલ્યાણકારી પહેલને પ્રોત્સાહન મળે, એવી મારી પ્રબળ મંગલ કામના છે, શુભાશિષ છે.

મંગલમિત્ર,

સત્યનારાણ ગોયન્કા.

## ધમ્મકોટ કેન્દ્ર પર નવા બાંધકામ માટે આર્થિક જરૂરિયાત

ધમ્મકોટ કેન્દ્ર પર દિનપ્રતિદિન સાધકોની વધતી જતી સંખ્યાને પહોંચી વળવા તાત્કાલિક ધોરણે ૪૦ નવા સિંગલ રૂમ બાંધવાની તાતી જરૂરિયાત છે. રૂમ દીઠ અંદાજિત ખર્ચ રૂ. ૯૦ હજાર લેખે કુલ રૂ. ૩૬ લાખનો ખર્ચ થવા ગણતરી છે.

સાધકો તરફથી દાનની પૂર્તિ થયે બાંધકામ હાથ ધરાશે.

દાનની પુણ્યપારમીના પુણ્યાર્જનનો લાભ ઉઠાવવા ઈચ્છુક સાધક ધમ્મકોટ કેન્દ્ર/સિટિ ઓફિસનો સંપર્ક કરી શકે છે.

## નૂતનવર્ષ સ્નેહમિલન

રાજકોટના સાધકો માટે નવા વર્ષનું સ્નેહમિલન નીચે મુજબ આયોજિત છે.

દિવસ : તા. ૩૦ ઓક્ટો. ૨૦૧૧, રવિવાર
સમય : સવારે ૮-૦૦ થી ૯-૦૦ સમૂહ સાધના
સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ સ્નેહ મિલન
સ્થળ : માસૂમ સ્કૂલ, એસ.એન.કે. સ્કૂલ પાસે, જ્યોતિનગર મેઈન રોડ, રાજકોટ.

## મંગલ મૃત્યુ

અમરેલીના સાધક નાગજીભાઈ ભૂરાભાઈ ઉકાણી તા. ૧૩ ઓગસ્ટ (રક્ષાબંધન) ના દિવસે પાકટ વયે અવસાન પામ્યા. સદ્ગત છેલ્લી ક્ષણો સુધી સ્વસ્થ તથા ધમ્મમય જીવન જીવ્યા અને થોડી ક્ષણોમાં જ તેમનો દેહત્યાગ થયો.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 |

### ૨૦૧૧/૧૨ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર |
|---|---|---|---|
| 09-10-11 to 20-10-11 | 04-10-11 to 15-10-11 | 08-10-11 to 19-10-11 | 08-10-11 to 19-10-11 |
| 21-10-11 to 01-11-11 | 16-10-11 to 27-10-11 | 23-10-11 to 03-11-11 | 16-11-11 to 27-11-11 |
| 02-11-11 to 13-11-11 | 29-10-11 to 09-11-11 | 09-11-11 to 20-11-11 | 30-11-11 to 11-12-11 |
| 16-11-11 to 27-11-11 | 10-11-11 to 21-11-11 | 23-11-11 to 04-12-11 | |
| 14-12-11 to 25-12-11 | | 14-12-11 to 25-12-11 | |
| 28-12-11 to 08-01-12 | **સતિપટ્ઠાન** | | **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિર** |
| 10-01-12 to 21-01-12 | 12-11-11 to 20-11-11 | | |
| 25-01-12 to 05-02-12 | **૩૦ દિવસીય** | | |
| 08-02-12 to 19-02-12 | 24-11-11 to 25-12-11 | | 14-12-11 to 25-12-11 |
| 22-02-12 to 04-03-12 | **૪૫ દિવસીય** | | |
| 07-03-12 to 18-03-12 | 24-11-11 to 09-01-12 | | |
| 21-03-12 to 01-04-12 | | | |
| 04-04-12 to 15-04-12 | | | |

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |
|---|---|---|---|
| : મોગર : | : મોગર : | | : ધર્મજ : |
| 'ધમ્મભવન' ૫-કાલિંદી પાર્ક, અકોટા. ફોન : ૦૨૬૫-૨૩૪૧૧૮૧ | | | હેમંતભાઈ પટેલ (૦૨૬૯૨) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫ |
| 01-10-11 to 12-10-11<br>31-10-11 to 11-11-11<br>07-12-11 to 18-12-11 | | | 31-10-11 to 11-11-11 |

### દોહા ધરમના

જાતિ-વર્ણ કે નામ પર, ફૈલા અત્યાચાર ।
સદાચાર ગર્હિત હુઆ, પૂજિત મિથ્યાચાર ॥
કેવલ માં કી કોખ સે, પૂજ્ય હુઆ ના કોય ।
સદાચરણ મેં રત રહે, સહી પૂજ્ય હૈ સોય ॥
ઉંચ નીચ કે ભેદ મેં, ડૂબા સકલ સમાજ ।
ધર્મરાજ દુર્બલ હુઆ, સબલ પાપ કા રાજ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

### દોહા ધરમના

જબ જબ મનુજ સમાજ મેં, જાતિ પ્રમુખ હો જાય ।
ઘોર પતન હો ધર્મ કા, પાપ પ્રબલ હો જાય ॥
ધન-સંપદ કા, ગોત્ર કા, કૈસા ચઢા ગુમાન !
શીલવાન સત્પુરુષ કા, દુષ્ટ કરે અપમાન ॥
જાત-પાંત કે રોગ સે, હુઆ હાલ બેહાલ ।
વ્યાકુલ હી વ્યાકુલ રહા, અબ તો હોશ સંભાલ ॥

**ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા-૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 12 સપ્ટેમ્બર 2011** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org